RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

પ્રજાપંખ- ન્યુઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

વર્ષ-૦૬ અંક- ૪૯ (સુરત) તા.૦૮/૦૯/૨૦૨૬ મંગળવાર તંત્રી- મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના-૦૪ કિંમત ૧/- રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-06, ISSUE-49 SURAT DATE-08/09/2026 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

2 ઈજાગ્રસ્ત લોહીલુહાણ અને નિર્વસ્ત્ર હાલતમાં મળતાં ચકચાર, આરોપી ફરાર; સચિન રેલવે સ્ટેશને લોહિયાળ ખેલ

2 સમુદ્રનું જળસ્તર વધતાં ગુજરાતના દરિયાકાંઠા નજીકના ગામડાઓ પર ડૂબી જવાનું તોળાતું સંકટ

3 સૂરત ખાતે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૪૭ શિક્ષકો તથા ૧૫૦ નિવૃત્ત કર્મચારીઓનું સન્માન

3 સુરત શહેરની ભાગળ ખાતેની મુખ્ય મટકી ગણેશા ગ્રુપે ફોડી- ભાગળ ચાર રસ્તા રાજમાર્ગ, ખાતે હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી હતી

## નેપાળમાં તબાહીના ૧૩ મા દિવસે રાષ્ટ્રીય શોક જાહેર, ૧૩૪૦ થી વધુ મોત, ૫૦૦૦ થી વધુ હજુ ગુમ

નેપાળમાં ૨૬ ઓગસ્ટે આવેલા ભયાનક પૂરમાં ૧૩૪૦ થી વધુ લોકોના મોત થયા છે, જયારે ૫,૦૦૦ ગુમ છે. ૧૩મા દિવસે રાષ્ટ્રીય શોક જાહેર કરાયો છે, જેમાં મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ. સરકારી કચેરીઓ અને દૂતાવાસો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો. ૩૨ હજારથી વધુ પરિવારો વિસ્થાપિત થયા અને ૭,૫૦૦ ઘરો નાશ પામ્યા છે. બચાવ કામગીરી ચાલુ છે.



નેપાળમાં આવેલી ભયાનક પૂરની હોનારતને સોમવારે ૧૩ દિવસ પૂરા થયા છે, જેણે હજારો પરિવારના જીવન અસ્તવ્યસ્ત કરી દીધા છે. ૨૬ ઓગસ્ટે આવેલા અચાનક પૂરમાં અત્યાર સુધીમાં ૧૩૪૦ થી વધુ લોકોના મોત થયા છે, જયારે આશરે ૫,૦૦૦ લોકો હજુ પણ ગુમ છે. આ દુર્ઘટનાના ૧૩ મા દિવસે સમગ્ર નેપાળમાં રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે અને મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. નેપાળ સરકારે ૭ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય શોકનો દિવસ જાહેર કર્યો છે. સરકારી કચેરીઓથી લઈને વિદેશમાં આવેલા નેપાળી દૂતાવાસ પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો છે. હિન્દુ પરંપરામાં નિધન બાદ ૧૩મો દિવસ શોક માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, તેથી સરકારે ૧૩મા દિવસે રાષ્ટ્રીય શોક રાખવાનો નિર્ણય લીધો હતો.

૨૬ ઓગસ્ટે ચીન સરહદ નજીક આવેલા રસૂવા વિસ્તારમાં હિમાલય પરથી બરફ અને ખડકો ખસવાને કારણે અચાનક પૂર આવ્યું હતું. આ પૂરની અસર રસૂવા ઉપરાંત નુવાકોટ, ધાદિંગ સહિતના અનેક વિસ્તારોમાં જોવા મળી હતી. ભોટેકોશી અને ત્રિશૂલી નદીના કાંઠે ભારે વિનાશ સર્જાયો હતો. આ હોનારતમાં ૩૨ હજારથી વધુ પરિવાર વિસ્થાપિત થયા છે અને આશરે ૭,૫૦૦ ઘરો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા છે. આ સિવાય હાઇડ્રોપાવર પ્રોજેક્ટ અને સરકારી ઇમારતો ધ્વસ્ત થઈ ગયા છે.

સૌથી મોટી ચિંતા હજુ પણ પૂર પછી ગુમ થયેલા ૫,૦૦૦ લોકોને લઈને છે, જેમાં ૫૮૯ વિદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે. કાટમાળ વચ્ચે અને હાઇડ્રોપાવર પ્રોજેક્ટની ટનલોમાં ફસાયેલા લોકોને શોધવા માટે નેપાળી સુરક્ષા દળો સાથે વિદેશની નિષ્ણાત ટીમો કાર્યરત છે. ભારતની નિષ્ણાત ટીમ પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી કરી રહી છે. ઉત્તરાખંડની સિલ્ક્યારા ટનલ દુર્ઘટનામાંથી ૪૧ મજૂરોને સુરક્ષિત બહાર કાઢનારા પ્રોફેસર આર્નોલ્ડ ડિક્સે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, નેપાળમાં આ સમયે એકસાથે અનેક અલગ-અલગ રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યા છે. દરેક જગ્યાએ પડકારો અલગ છે, પરંતુ મુશ્કેલ કામને અશક્ય ન માનવું જોઈએ. આવા સમયે આશાને માત્ર લાગણી ન રાખતા સતત કામગીરીમાં બદલવી જરૂરી છે.

## દિલ્હીમાં હોસ્ટેલ ધરાશાયી : પાંચના મોત, વિદ્યાર્થીઓ કાટમાળમાં દટાયા



નવી દિલ્હી : દિલ્હીમાં શનિવારે ભારે વરસાદ પડયો હતો, જેના બીજા દિવસે રવિવારે એક મોટી દુર્ઘટના સામે આવી છે. દક્ષિણ દિલ્હીના સત્ય નિકેતન વિસ્તારમાં એક ૫૦ વર્ષ જુની પાંચ માળની ઇમારત પડી હતી. જેને પગલે પાંચ લોકો માર્યા ગયા છે જયારે નવ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. કેટલાક લોકો હજુ પણ કાટમાળ નીચે દટાયેલા હોવાના અહેવાલો છે. જયારે ઉત્તર પ્રદેશમાં પણ મકાન ધરાશાયી થતા છ લોકો માર્યા ગયા છે.

દિલ્હી યુનિવર્સિટીના દક્ષીણ કેમ્પસ પાસે સત્ય નિકેતન વિસ્તારમાં વિદ્યાર્થીઓ માટેની પાંચ માળની એક હોસ્ટેલ આવેલી હતી. આ હોસ્ટેલની ઇમારત આશરે ૫૦ વર્ષ જુની હતી. નીચે બેઝમેન્ટમાં વરસાદનું પાણી ભરાયું હતું જયારે કેટલુક કામ પણ ચાલી રહ્યું હતું, આ દરમિયાન જ ઇમારત ધસી પડી હતી. સ્થાનિકોનો દાવો છે કે અકસ્માત સમયે ઇમારતમાં આશરે ૩૦થી ૫૦ લોકો હતા. જોકે સત્તાવાર રીતે કોઇ જ આંકડો જાહેર કરવામાં નથી આવ્યો.

અત્યાર સુધીમાં નવ જેટલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

## ૬ મહિના બાદ ૫ રાજયોમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની શક્યતા, જેમાં એક તો ૪૦૩ બેઠક ધરાવતું રાજય



ઉત્તર પ્રદેશ સહિત ૫ રાજયોમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીઓ ફેબ્રુઆરી-માર્ચમાં યોજાશે. વસ્તી ગણતરીની તારીખો બદલાતા ચૂંટણીનો માર્ગ મોકળો થયો છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં કાર્યકાળ પૂર્ણ થતા પહેલા જ મતદાન થશે. ચૂંટણી પંચ ૧૩ માર્ચ, ૨૦૨૭ પહેલા તમામ રાજયોમાં ચૂંટણી સંપન્ન કરાવવાની તૈયારીમાં છે, જેથી વહીવટી ટકરાવ ટાળી શકાય.


આગામી વર્ષે ઉત્તર પ્રદેશ સહિત ૫ રાજયોમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની શક્યતા છે. તેને લઈને અત્યારથી જ પાર્ટીઓએ રાજકીય સમીકરણ સાધવાના શરૂ કરી દીધું છે. આ વચ્ચે હવે ચૂંટણીની તારીખોને લઈને ચિત્ર સ્પષ્ટ થતું દેખાઈ રહ્યું છે. ચાર ચૂંટણી રાજયોમાં વસતી ગણતરીની તારીખોને પહેલા કરાવવાના અને મણિપુરમાં તેને ટાળવાના નિર્ણય બાદ એ લગભગ નક્કી માનવામાં આવી રહ્યું છે કે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૭માં ચૂંટણીઓ યોજવામાં આવશે. તમને જણાવી દઈએ કે ઉત્તર પ્રદેશમાં ૪૦૩ વિધાનસભા બેઠક છે.

તમને જણાવી દઈએ કે, વસતી ગણતરી અને ચૂંટણી બંનેમાં સરકારી કર્મચારીઓ, ખાસ કરીને શિક્ષકોની જ ડ્યૂટી લાગે છે. એવામાં વસતી ગણતરીની તારીખો બદલાવાથી હવે એક મોટો વહીવટી ટકરાવ ટળી ગયો છે. હવે અપેક્ષા કરવામાં આવી રહી છે કે ઉત્તર પ્રદેશ સહિત અન્ય રાજયોમાં ફેબ્રુઆરીથી મતદાનના તબક્કા શરૂ થઈ જશે. પંચેય રાજયોમાં સૌથી પહેલા મણિપુર વિધાનસભાનો કાર્યકાળ ૧૩ માર્ચ ૨૦૨૭ના રોજ પૂરો થઈ રહ્યો છે. બીજી તરફ ગોવામાં ૧૪ માર્ચ ૨૦૨૭, પંજાબમાં ૧૬ માર્ચ ૨૦૨૭ અને ઉત્તરાખંડમાં ૨૮ માર્ચ ૨૦૨૭ના રોજ મોજૂદા વિધાનસભાનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે.

**હવે અપેક્ષા કરવામાં આવી રહી છે કે ઉત્તર પ્રદેશ સહિત અન્ય રાજયોમાં ફેબ્રુઆરીથી મતદાનના તબક્કા શરૂ થઈ જશે. પાંચેય રાજયોમાં સૌથી પહેલા મણિપુર વિધાનસભાનો કાર્યકાળ ૧૩ માર્ચ ૨૦૨૭ના રોજ પૂરો થઈ રહ્યો છે.**

## ડૉક્ટરો પર હુમલો કરનારા નેતાઓને સીધા જેલમાં નાખોઃ મહારાષ્ટ્રની ઘટના પર સુપ્રીમ કોર્ટ લાલઘૂમ!

સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રમાં ડૉક્ટરો પર રાજકીય પક્ષોના સભ્યો દ્વારા થતાં હુમલાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. પાલઘરની રિલીફ હોસ્પિટલમાં શિવસેનાના નેતાઓ દ્વારા ડૉક્ટરોને માર મારવાની ઘટનાના બીજા જ દિવસે સુપ્રીમ કોર્ટે હુમલાખોરોની તાત્કાલિક ધરપકડ કરવા આદેશ કર્યો. પોલીસે ૧૭ લોકો સામે FIR નોંધી છે.



સુપ્રીમ કોર્ટે સોમવારે મહારાષ્ટ્રમાં રાજકીય પક્ષોના સભ્યો દ્વારા ડૉક્ટરો સાથે થતી મારામારીની વધતી ઘટનાઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે સરકારને કડક સૂચના આપી છે કે ડૉક્ટરો પર હુમલો કરનારા આવા રાજકારણીઓની તાત્કાલિક અટકાયત કરવામાં આવે. સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાની એક હોસ્પિટલમાં શિવસેના નેતાઓ દ્વારા ડૉક્ટરો અને અન્ય કર્મચારીઓ સાથે કરવામાં આવેલી મારામારીના બીજા જ દિવસે આવી છે.

મળતી માહિતી મુજબ, આ ઘટના રવિવારે વહેલી સવારે રિલીફ હોસ્પિટલમાં બની હતી. દહી હાંડી ઉત્સવ દરમિયાન ઘાયલ થયેલા એક વ્યક્તિને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવાના મુદ્દે હોસ્પિટલના પેસેજમાં અચાનક વિવાદ અને હંગામો શરૂ થયો હતો. હોસ્પિટલના એક કર્મચારી દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, શિવસેનાના જિલ્લા પ્રમુખ કુંદન સંખે, શહેર પ્રમુખ રાહુલ ઘરત અને અન્ય લોકો હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં ઘૂસી ગયા હતા અને ડૉક્ટરો સાથે બહેસ કરવા લાગ્યા હતા. સ્થિતિ ત્યારે વધુ વણસી જયારે પાર્ટીના કેટલાક સભ્યો હોસ્પિટલના ઇન્ટેન્સિવ કેર યુનિટ માં પણ જબરદસ્તી ઘૂસી ગયા હતા.

## પ્રઆદિમજૂથોના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારનો મહત્ત્વનો વહીવટી સુધારોઃ વર્ગ-૧ અધિકારીઓને સોપાઈ સીધી જવાબદારી

રાજય સરકારે આદિમજૂથોના વિકાસ માટે મહત્વનો વહીવટી સુધારો કર્યો છે. 'મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના' હેઠળ અમદાવાદ, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાઓમાં વિકાસ કાર્યો ઝડપી બનાવવા, આદિજાતિ વિકાસ વિભાગના વર્ગ-૧ અધિકારીઓને 'સભ્ય સચિવ'ની સીધી જવાબદારી સોપવામાં આવી છે. આનાથી પઢાર અને સીદી સમુદાયના પરિવારોને શિક્ષણ, આવાસ અને આરોગ્ય જેવી સરકારી યોજનાઓનો વધુ અસરકારક લાભ મળશે.



ગુજરાતના અતિ પછાત અને છેવાડાના આદિમજૂથોના સામાજિક અને આર્થિક ઉત્થાનને વધુ વેગ આપવા માટે રાજય સરકારે મહત્ત્વનો વહીવટી સુધારો કર્યો છે. આ સુધારા મુજબ મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ વિકાસ કાર્યોનું આયોજન, મંજૂરી, મોનિટરિંગ અને અમલીકરણ વધુ ઝડપી, પારદર્શક અને લોકાભિમુખ બને તે હેતુથી ચાર બિન-આદિજાતિ જિલ્લાઓ અમદાવાદ, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ અને જૂનાગઢ માટે જિલ્લા કક્ષાની સમિતિઓના ૧સભ્ય સચિવ તરીકે આદિજાતિ વિકાસ વિભાગના જ વર્ગ-૧ના સક્ષમ અધિકારીઓને સીધી જવાબદારી સોપવામાં આવી છે.

આ વહીવટી ફેરફારથી આદિમજૂથોના વિકાસ માટે જવાબદારી અને અધિકાર બંનેનું સ્પષ્ટ વિભાજન થયું છે. ખાસ કરીને બિન-આદિજાતિ અને છૂટાછવાયા વિસ્તારોમાં વસતા પઢાર અને સીદી સમુદાયના પરિવારો સુધી સરકારી યોજનાઓ વધુ અસરકારક રીતે પહોચાડવાનો માર્ગ સરળ બન્યો છે.

નોંધનીય છે કે રાજયના આદિમજૂથોમાં પઢાર અને સીદી સમુદાયની મોટી વસ્તી પરંપરાગત આદિજાતિ વિસ્તારોની બહાર વસે છે. આવા વિસ્તારોમાં પ્રાયોજના વહીવટદારની સમર્પિત કચેરીઓ ન હોવાથી અગાઉ જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી ને વધારાનો કાર્યભાર સોપવામાં આવ્યો હતો.

## જમીન પર પડેલા નૂડલ્સમાંથી ભુજિયા બનાવતી હતી 'નૂડલ્સ કિંગ' તરીકે જાણીતા બિઝનેસમેનની કંપની! ૩૨ હજાર કિલો માલ જપ્ત



શું તમે તમારા ઘરના ડાઇનિંગ ટેબલ પર કે બાળકના હાથમાં પેકેટવાળા જે સ્નેક્સ મૂકો છો, તે ખરેખર સુરક્ષિત છે? દેશભરમાં ચાલી રહેલા ખાદ્ય સુરક્ષા અભિયાન વચ્ચે એક ચોંકાવનારો અને આંખો ખોલી નાખતો કિસ્સો સામે આવ્યો છે. 'Wai Wai' નૂડલ્સ બનાવતી કંપનીની ફેક્ટરીમાં ભોયતળિયે પડેલા નૂડલ્સમાંથી ભુજિયા બનાવવામાં આવતી હોવાનો ઘટસ્ફોટ થયો છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા રાજસ્થાનમાં આવેલી સીજી ફૂડ્સ ઈન્ડિયાની ફેક્ટરી પર દરોડા પાડવામાં આવ્યો હતો. આ દરમિયાન અધિકારીઓએ જોયું કે ફેક્ટરીના ફ્લોર પર પડેલા તૂટેલા નૂડલ્સને ભેગા કરીને કોઈપણ જાતની હીટ ટ્રીટમેન્ટ આપ્યા વગર સીધા જ ભુજિયા બનાવવામાં વાપરવામાં આવતા હતા.

ફેક્ટરીમાં જમીન પરથી એકત્રિત કરાયેલા તૂટેલા નૂડલ્સને હીટ ટ્રીટમેન્ટ આપ્યા વિના ફરીથી પ્રોસેસ કરીને ભુજિયા બનાવવામાં આવી રહી હતી. તપાસ દરમિયાન નિયમોના ઉલ્લંઘનની હદ માત્ર ગંદકી પૂરતી મર્યાદિત નહોતી. આ પ્લાન્ટમાંથી અંદાજે ૩૨,૦૦૦ કિલો સ્ટોક જપ્ત કર્યો છે. આ ઉપરાંત, ફેક્ટરી પરિસરમાંથી મુદત વીતી ગઈ હોય તેવી તૈયાર પ્રોડક્ટ્સના ૧,૯૨૫ બોક્સ પણ મળી આવ્યા હતા. FSSAI એ સંબંધિત ફૂડ બિઝનેસ ઓપરેટર સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે અને પ્રયોગશાળામાં ચકાસણી માટે વિવિધ નમૂનાઓ એકત્રિત કર્યા છે. આ કાર્યવાહી જે કંપની સામે થઈ છે તે ઈ કોર્પ ગ્લોબલ ગ્રૂપનો હિસ્સો છે. આ કન્સોર્ટિયમનું નેતૃત્વ બિનોદ ચૌધરી સંભાળે છે, જેઓ નેપાળના એકમાત્ર અબજોપતિ છે. Wai Wai ઇન્સ્ટન્ટ નૂડલ્સ બ્રાન્ડના નિર્માણ માટે તેમને વૈશ્વિક સ્તરે 'નૂડલ કિંગ' તરીકે ઓળખવામાં આવે છે.

आज प्रजा पंख मे.....

## बिन बुलाये मेहमान



बिन बुलाये आ जाते
मान न मान मेहमान बन जाते,
जाने का नाम लेते नहीं
धर्म संकट में डाल जाते !

करने का होता काम कुछ हमे
सेवा में इनके लग जाते,
मेहमानगिरी में कमी नहीं आने देते
रिश्तों को बखूबी निभाते !

छुटकारा कैसे पाये इनसे
समज में हमारे आता नहीं,
मिंटो – घंटों में बीत जाते
फ़ेविकोल बन चिपक जाते !

इमरजेंसी का बहाना बनाते
हाथ पैर जोड़ इन्हें रवाना करते,
शिष्ट का नाता रखते हुए
फिर से आने का न्योता देते !!

–अश्विन, अटपटा

# સીડી પર બોલાચાલી બાદ યુવકના માથામાં પથ્થર ઝીંકી દીધા

## ઈજાગ્રસ્ત લોહીલુહાણ અને નિર્વસ્ત્ર હાલતમાં મળતાં ચકચાર, આરોપી ફરાર; સચિન રેલવે સ્ટેશને લોહિયાળ ખેલ



સુરત- સુરતના સચિન રેલવે સ્ટેશનની સીડી પર મોડી રાત્રે બે શખ્સો વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલી ખૂની સંઘર્ષમાં પરિણમી હતી, જ્યાં શિવા નામના શખ્સે પ્રતાપ નામના યુવકના માથા પર પથ્થર ઝીંકી જીવલેણ હુમલો કરતાં તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવક ઘટનાસ્થળે શંકાસ્પદ રીતે નિર્વસ્ત્ર હાલતમાં મળી આવતાં તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો છે, જ્યારે હુમલાખોર શિવા ફરાર થઈ જતાં સ્ટેશન પર તહેનાત છડઋઙ અને છડની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

સૂત્રો પાસેથી મળતી પ્રાથમિક વિગતો મુજબ, મોડી રાત્રે સચિન રેલવે સ્ટેશનની સીડીઓ પર બે શખ્સો બેસીને વાતો કરી રહ્યા હતા. આ દરમિયાન કોઈ અંગત મુદ્દે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી. વિવાદ એટલી હદે વકરી ગયો કે શિવા નામના શખ્સે આવેશમાં આવી ત્યાં પડેલો પથ્થર ઉઠાવી પ્રતાપ નામના યુવકના માથામાં મારી દીધો હતો. હુમલાને પગલે પ્રતાપ લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યો હતો. હુમલા બાદ ગંભીર રીતે ઘવાયેલા પ્રતાપને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર ઘટનામાં સૌથી ચોંકાવનારો ઘટસ્ફોટ એ થયો છે કે ઈજાગ્રસ્ત પ્રતાપ ઘટનાસ્થળે નિર્વસ્ત્ર હાલતમાં મળી આવ્યો હતો. આ બાબતને લઈને અનેક તર્કવિતર્કો વહેતા થયા છે કે શું હુમલા પહેલા કોઈ અંગત વિવાદ કે ઝપાઝપી થઈ હતી કે પછી મામલો કંઈક અલગ જ છે.

સચિન જેવા ધમધમતા રેલવે સ્ટેશન પર બનેલી આ ઘટનાએ રેલવે સુરક્ષા દળ અને સરકારી રેલવે પોલીસ ની કથિત સતર્કતા સામે મોટા સવાલો ઊભા કર્યા છે. રાત્રિના સમયે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષા માટે તહેનાત રહેતી પોલીસની હાજરી હોવા છતાં સ્ટેશનની સીડીઓ પર આટલી મોટી લોહિયાળ ઘટના કેવી રીતે બની ગઈ, તે તપાસનો વિષય બન્યો છે. લોહિયાળ હુમલો કર્યા બાદ આરોપી શિવા અંધારાનો લાભ ઉઠાવીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો છે. આ હુમલો ક્યા કારણોસર કરવામાં આવ્યો અને યુવક નિર્વસ્ત્ર કેમ હતો, તે તમામ દિશાઓમાં પોલીસ દ્વારા ઝીણવટભરી તપાસ ચાલી રહી છે.

# તંત્રી લેખ........

## તૃષ્ણા ઉપર બુધ્ધિનો અંકુશ એજ સદગુણ

- માનવ જીવન તૃષ્ણા, કામના વાસનાં, પદાર્થની પકડ, આસક્તિ મોહ વગેરે પર મમત્વ રહિત શુધ્ધ બુધ્ધિનાં અંકુશ દ્વારા આત્મિક સત્યનું આચરણ એજ સદ્ગુણ છે. સત ગુણ છે. અને એજ પરમ શિષ્ટતા છે, એજ સત્ય નિષ્ઠા છે, એજસ્વનું વિસ્તરણ છે, આવા શુધ્ધ સદગુણના સતગુણના આચરણથી જ જીવનમાં આનંદ સુખ શાંતિ સાથે જ પૂર્ણતા શૂન્યતા તરફ આગળ વધી શકાય, જેને કહેવાય છે. પોતાના જ સ્વનું વિસ્તરણ, રૂપાંતરણ ઊર્ધ્વિકરણ.

માણસના સ્વભાવની જે નબળાઈઓ છે, તેમાંથી મુક્ત થવું, એજ સાચી રીતે સુખ શાંતિ અને આનંદથી જીવન જીવવા માટેની સૌ પ્રથમ અનિવાર્ય શરત છે.

માણસની કામનાઓનો અતિરેક બુધ્ધીની પ્રતિભાને ઢાંકી દે છે અને કામનાધીનબુધ્ધિ અનુસાર કર્મો કરવામાં માનવી વધારે ને વધારે બધ્ધ બનતો જાય છે. માણસના રાગ અને દ્વેષકર્મોનાં પ્રેરકો હોય છે, પરિણામો માટેની લાલસા, સફળતા કે નિષ્ફળતાને લીધે આશા નિરાશા કે સુખ દુખ વગેરે બાબતો મનુષ્યના વર્તનમાં જોવા મળે છે. એટલે માત્ર નિષ્કર્મ બનવાથી આ બધી જ બાબતો નિવારીશકાંતિ જ નથી, એટલે કે કર્મ છોડવા માટે ઘરબાર અને કર્મોછોડવાથી સાધુ થવામાં કોઈ ફાયદો થતો જ નથી.

માણસે પોતાના જીવનમાં પોતાની પરમ ચેતનામાં અને પોતાની પ્રજ્ઞાામાં જાગૃતતા પૂર્વક સ્થિર થઈને જાગૃતિ પૂર્વકફળની માત્ર આશા અપેક્ષા અને અહંકાર છોડીને પ્રસન્નચિત્તે એકાગ્રતા પૂર્વક કર્મો કરી જીવવાથી જીવનમાં જ પરમ શાંતિ અને આનંદનો અનુભવ થાય જ છે.

ગાંધીજી સ્પષ્ટ કહ્યું છે કે જે માણસ કર્મ ફળ છોડશે તે માણસ જીવનમાં ઊર્ધ્વીકરણ કરશે જ અને જે ફળને પકડશે તે પડશે આ છે, કર્મ કરવાની સાચી રીત જેમાં માત્રને માત્ર અંતરનો ભાવ જ બદલવાનો છે. ભાવ બદલાતા કર્મ સારું થશે કારણકે આવા માણસ ચિત્તની પૂરી શક્તી થી કર્મ થશે. જેથી કર્મ પણ સારું થશે, ફળ પણ સારું મળશે અને જે ફળ મળે તે પ્રસાદ તરીકે સ્વીકારીને તેનો ઉપયોગ કરવાનો છે. આજ સત્ય ધર્મ બને છે, આમ જીવનમાં શુધ્ધ ભાવના અને જાગૃતિ પૂર્વક જીવનારથી કદી પણ પાપ કૃત્ય થતું જ નથી, એજ માણસનો મહાન સદગુણ અને સતગુણ બની રહે છે, એ જ આધ્યાત્મ જગતનો શાશ્વત નિયમ છે. કામના, તૃષ્ણામોહ અને વાસના રહિત બનવું એ જ આનંદ સુખ શાંતિ અને મુક્તિનો માર્ગ છે. કારણકે તેનાં દ્વારા જ ઊર્ધ્વતા. પરમ દિવ્યતા, પરિવર્તનની શક્યતાઓ તેનાથી જ ખૂલે છે. આને લીધે જ માણસ પોતે સ્થિર પ્રજ્ઞાાવાળો બની, માનવ જીવનમાં આનંદ અને સુખ સાથે જીવનમાં અનાસક્ત ભાવમાં સ્થિર થઈ કર્તૃત્વ રહિત કર્મો કરી પરમ આનંદ સાથે વિચરે છે.

આવો માણસ સુખ દુઃખને સમાન ભાવે સ્વીકારે છે, જેથી તેને વિષય સબંધોપજવતા જ નથી, તે સમતા સમત્વ ધારણ કરી સર્વજ્ઞા બની દુખોની ચિંતા અને સુખોની સ્પૃહા વિનાનો રાગ અને ક્રોધ દૂર કરી, પોતાની જ પ્રજ્ઞાામાં સ્થિર થઈ જાગૃતતા પૂર્વક જીવનના વ્યવહારો અને આચરણ કરે છે. જેથી તેનાથી કોઈ પાપ કૃત્ય થતું જ નથી.

માણસના જીવનમાં જે કાઈ પાપ કૃત્ય થાય છે. ત્યારે તેની અજાગૃત અવસ્થા હોય છે, અને અજ્ઞાાનમાં સ્થિર હોય છે, જેથી જ માણસ ખરાબ કર્મો કરે છે. અને તુર્તજપસ્તાય છે. મારાથી આ શું થઈ ગયું, એટલે માણસે સમજી લેવું જરૂરી છે. જાગૃત માણસથી કદી પાપ કૃતય થતાં જ નથી, કે દાન દેવાથી કે પ્રાયશ્ચિત કરવાથી પાપધોવાતા જ નથી, પણ અહુંકારથી મુક્ત થવાથી તમામ પાપો ધોવાય જાય છે અને જીવનની પરમ શુધ્ધતા પ્રાપ્ત થાય છે. શુધ્ધતા એ જ જીવનની સિધ્ધી બને છે.

# અમદાવાદઃ 'મિશન મિલિયન ટ્રી' ઝુંબેશ વચ્ચે જાહેરાતના બોર્ડ દેખાય તે માટે વૃક્ષોનું હેવી ટ્રિમિંગ, AMCના અધિકારીઓ અજાણ?



અમદાવાદમાં જ હાઇવેથી રિંગ રોડ તરફના સેન્ટ્રલ વર્જમાં જાહેરાતના બોર્ડ સ્પષ્ટ દેખાય તે માટે વૃક્ષોનું હેવી ટ્રિમિંગ કરાયું છે. પર્યાવરણ પ્રેમીઓ દ્વારા આક્ષેપ છે કે જાહેરાત કંપનીઓના હિત માટે જૂના અને મોટા વૃક્ષોની ડાળીઓ કાપવામાં આવી છે. કોર્પોરેશનના 'મિશન મિલિયન ટ્રી' સામે આ પ્રકારની કાર્યવાહીથી રોષ જોવા મળ્યો છે. અગાઉ પણ નોટિસ અપાઈ હોવા છતાં આ સ્થિતિ પુનરાવર્તિત થઈ છે. ગાર્ડન વિભાગની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

# સમુદ્રનું જળસ્તર વધતાં ગુજરાતના દરિયાકાંઠા નજીકના ગામડાઓ પર ડૂબી જવાનું તોળાતું સંકટ



સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટ મુજબ, વૈશ્વિક ગરમીને કારણે સમુદ્રની જળસપાટી વધતા મુંબઈ, કોલકાતા સહિત ૧.૪૦ કરોડ લોકો વિસ્થાપિત થશે. જોકે ગુજરાતનો સીધો ઉલ્લેખ નથી, પરંતુ રાજયનો ૨૩૪૦.૮૨ કિમી લાંબો દરિયાકાંઠો હાઈરિસ્ક ઝોનમાં છે. ૪૫% કાંઠાના વિસ્તારો જોખમમાં છે. ૨૧૦૦ સુધીમાં કેટલાક વિસ્તારોમાં જળસ્તર ૮૭ સેમી વધી શકે છે, જે પીવાના પાણીને પણ અસર કરશે.

વૈશ્વિક સ્તરે વધતી ગરમી અને ક્લાઇમેટ ચેન્જના કારણે સમુદ્રની જળસપાટી (સી લેવલ) સતત વધી રહી છે, જેનાથી તટીય વિસ્તારો પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે.

સંયુક્ત રાષ્ટ્ર ના તાજેતરના રિપોર્ટ અનુસાર, સમુદ્રી જળસ્તર વધવાથી મુંબઈ, કલકત્તા અને બાંગ્લાદેશના ઢાંકા જેવા વિસ્તારોમાં આશરે ૧.૪૦ કરોડ લોકો વિસ્થાપિત થવાનું અને તેમના ઘરો કાયમી ધોરણે પાણીમાં ગરકાવ થઈ જવાનું જોખમ ઊભું થયું છે.

# ૭ છગ્ગા, ૧૨૪ રન... ૮ વર્લ્ડરેકોર્ડ સાથે દુનિયાની નંબર ૧ બેટર બની સ્મૃતિ મંધાના; આંકડા જોઈ ગર્વ થશે



હોંગકોંગ સામેની મેચમાં સ્મૃતિ મંધાનાએ ૬૪ બોલમાં ૧૨૪ રન ફટકારીને ઇતિહાસ રચ્યો છે. તેણે મિતાલી રાજના ૧૦,૮૬૮ રનનો રેકોર્ડ તોડી ૧૦,૮૮૦ રન સાથે મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનારી બેટર બની છે. આ તેની ૧૮મી ઇન્ટરનેશનલ સદી હતી, જે એક વર્લ્ડ રેકોર્ડ છે. તેણે T-20 માં ભારત માટે સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર અને એશિયા કપનો રેકોર્ડ પણ બનાવ્યો.

મહિલા ટી૨૦ એશિયા કપ ૨૦૨૬માં હોંગકોંગ સામે રમાયેલી મેચમાં મંધાનાએ માત્ર ૬૪ બોલમાં ૧૨૪ રનની તોફાની ઇનિંગ્સ રમીને એક-બે નહીં, પરંતુ અડધો ડઝનથી વધુ વર્લ્ડ રેકોર્ડ્સ પોતાના નામે કરી લીધા છે. આ સાથે જ તે મહિલા ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનારી વિશ્વની નંબર-૧ બેટર બની ગઈ છે.

આ ઐતિહાસિક ૧૨૪ રનની ઇનિંગ્સ દરમિયાન સ્મૃતિ મંધાનાએ ભારતની જ પૂર્વ કેપ્ટન અને દિગ્ગજ ખેલાડી મિતાલી રાજના ૧૦,૮૬૮ આંતરરાષ્ટ્રીય રનનો રેકોર્ડ તોડી નાખ્યો છે. હવે મંધાનાના નામે મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦,૮૮૦ રન નોંધાઈ ચૂક્યા છે, જે વિશ્વમાં કોઈપણ મહિલા બેટર દ્વારા બનાવવામાં આવેલા સૌથી વધુ રન છે.

મહિલા ક્રિકેટમાં સૌથી વધુ સદીઓ ફટકારવાની બાબતમાં પણ હવે સ્મૃતિ મંધાના વિશ્વમાં સર્વોચ્ચ શિખરે પહોંચી ગઈ છે. આ તેની કારકિર્દીની ૧૮મી ઇન્ટરનેશનલ સદી હતી. તેણે ઓસ્ટ્રેલિયાની મહાન કેપ્ટન મેગ લેનિંગ (૧૭ સદી) અને દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાડ્ર્ટ (૧૭ સદી) ને પછાડીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.

મંધાનાનો ૧૨૪ રનનો આ સ્કોર મહિલા ટી૨૦ ઇન્ટરનેશનલમાં ભારત તરફથી કોઈપણ બેટર દ્વારા બનાવવામાં આવેલો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર છે.

# યોગ્ય ડાયેટ અને એક્સરસાઇઝ હોવા છતાં થાક કેમ અનુભવાય છે?



-ડો. અમૃતા જાદવ ચાંપાનેરીયા
Email.-jadav.amruta@gmail.com

આપણે નિયમિત અને પૌષ્ટિક આહાર લઈએ, રોજ કસરત કરીએ છતાં જો વારંવાર થાક, નબળાઈ કે ઊર્જાની કમી અનુભવાય તો તેને માત્ર વધારે કામ કર્યું હશે. કહીને અવગણવું યોગ્ય નથી. શરીરમાં કેટલીક છુપાયેલી સમસ્યાઓ પણ તેનું કારણ બની શકે છે.

**થાકના મુખ્ય કારણો-** ૧) ઊંઘની ગુણવત્તા ખરાબ હોવી, ૭-૯ કલાક ઊંઘવા છતાં ઊંઘ વારંવાર તૂટતી હોય અથવા ઊંઘ ઊંડી ન હોય તો દિવસ દરમિયાન થાક રહી શકે છે. ૨) આયર્નની ઊણપ, આયર્ન ઓછું હોવાથી હિમોગ્લોબિન ઘટી શકે છે અને શરીરના કોષોને પૂરતો ઓક્સિજન ન મળવાથી થાક લાગે છે.

૩) વિટામિન બી-૧૨ ની ઊણપ- ખાસ કરીને શાકાહારી લોકોમાં બી-૧૨ ની ઊણપ જોવા મળી શકે છે. તેમાં થાક સાથે હાથ-પગમાં ઝણઝણાટ પણ થઈ શકે છે. ૪) વિટામીન ડીની ઊણપ- વિટામીન ડી ઓછું હોય તો થાક, સ્નાયુઓની નબળાઈ અને શરીરમાં દુખાવો અનુભવાઈ શકે છે.

૫) થાઇરોઇડની સમસ્યા- હાયપોથાઈરોઈડિસિમમાં મેટાબોલિઝમ ધીમું પડવાથી સતત થાક, ઊંઘ અને સુસ્તી અનુભવાઈ શકે છે.

૬) કસરત વધારે થઈ જવી- Exercise સારી છે, પરંતુ પૂરતો આરામ વગર ખૂબ વધારે અથવા ભારે કસરત કરવાથી overtraining અને સતત થાક થઈ શકે છે.

૭)કેલરી અથવા પ્રોટીન ઓછું મળવું- સ્વસ્થ ખોરાક લેતા હોવા છતાં શરીરની જરૂરિયાત કરતાં ઓછું ખાવાથી ઊર્જાની કમી થઈ શકે છે.

૮) ડિહાઇડ્રેશન- પાણી ઓછું પીવાથી શરીરમાં નબળાઈ, માથાનો દુખાવો અને થાક થઈ શકે છે.

૯) બ્લડ શુગરમાં ફેરફાર- ડાયાબિટીસ અથવા બ્લડ શુગરના ઉતાર-ચઢાવને કારણે પણ થાક અને નબળાઈ થઈ શકે છે.

૧૦) માનસિક તણાવ- Stress, anxiety અને સતત માનસિક દબાણ શરીરની ઊર્જા પર અસર કરી શકે છે.

**શું કરવું?** જો થાક ૨-૩ અઠવાડિયાથી વધુ સમયથી સતત રહે, રોજિંદા કામમાં અસર કરે અથવા તેની સાથે વજનમાં અચાનક ઘટાડો, શ્વાસ લેવામાં તકલીફ, ચક્કર, હૃદયના ધબકારા વધવા જેવા લક્ષણો હોય તો ડોક્ટરની સલાહ લેવી જરૂરી છે.

પ્રજાપંખ
सत्यमेव जयते

# રાશીફળ

**મેષ** - કરિયરની દ્રષ્ટીએ આજે દિવસ ઉત્તમ રહેશે, આજે એકથી વધુ સ્ત્રોતથી ધન પ્રાપ્ત થવાથી મન પ્રસન્ન રહેશે. પરિવારના સભ્યોની સલાહથી કોઇ નવું કામ શરૂ કરી શકો છો. આજે અચાનક તમારી સામે કેટલાંક ખર્ચ આવી શકે છે.

**વૃષભ** -આજે કાર્યક્ષેત્રમાં કેટલીક અડચણોના કારણે ચિંતિત રહેશો. કામની વ્યસ્તતાની વચ્ચે પરિવારના સભ્યો પણ નારાજ થઇ શકે છે. આ દરમિયાન વરિષ્ઠોના હસ્તક્ષેપથી સ્થિતિ અનુકૂળ બનાવી શકશો. આજે ભાગ્ય ૬૬ ટકા તમારાં પક્ષમાં રહેશે.

**મિથુન**-સંબંધીઓ તરફથી કોઇ શુભ સમાચાર મળી શકે છે. તમારાં વધતા ખર્ચ પર કાપ મુકો નહીં તો બજેટ ખોરવાઇ શકે છે. મિત્રો સાથે બહાર ફરવાનું પ્લાનિંગ હોય તો વાહન સાવધાનીપૂર્વક ચલાવો.

**કર્ક** -વાણીમાં કઠોરતાનો ભાવ રહેશે, વાતચીતમાં સંયમીત રહો. - વસ્ત્રો અને આભુષણો તરફ તમારુ વલણ વધશે. -નોકરીમાં અધિકારીઓની મદદ મળશે, વિકાસનો માર્ગ ખુલશે.

**સિંહ**-કોઈ વિરોધી અથવા શત્રુ કોઈ ઘટના સર્જી શકે છે જેના કારણે શારીરિક ઈજા થઈ શકે છે. તેથી આજે તમારે ખૂબ જ સતર્ક અને સાવચેત રહેવું પડશે.

**કન્યા**-કુટુંબમાં ઉત્સવ સંબંધી વિશેષ આયોજનનો યોગ, વિશિષ્ટ ખાનપાનનાં વ્યક્તિત્વમાં વિચલનથી બચવું. વધારે પડતો દેખાવ કષ્ટનું કારણ બનશે. સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠા વૃદ્ધિના કાર્ય થશે. આર્થિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ.

**તુલા**-ધન સંચય કરવા માટે વ્યાપારિક યોજનાઓ બનશે. સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠા વૃદ્ધિના કાર્ય થશે. આર્થિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. અચાનક ધન પ્રાપ્તિના કર્મક્ષેત્ર સંબંધી વિશિષ્ટ પરિવર્તનકારી યોજનાઓમાં ભાગ્યવૃદ્ધિનો યોગ.

**વૃશ્ચિક** -કલાત્મક કર્મક્ષેત્રની મુશ્કેલીઓનો ઉકેલ કરવા માટે યાત્રા વગેરેનો યોગ. વિવાદિત આર્થિક કાર્ય ઋણ વગેરે માટે યાત્રા થશે.વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. શત્રુ પરાસ્ત થશે. કર્મક્ષેત્રમાં શોધનાં કાર્ય થવાનો યોગ.ઉત્તમ સ્તરીય વાહન સુખ પ્રાપ્ત થશે.

**ધન**-અચાનક ધન પ્રાપ્તિના કર્મક્ષેત્ર સંબંધી વિશિષ્ટ પરિવર્તનકારી યોજનાઓમાં ભાગ્યવૃદ્ધિનો યોગ. ધર્મ સંબંધી કાર્યોમાં રુચિ અને યાત્રાનો યોગ. ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. સામાજિક કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ

**મકર**-ધાર્મિક કાર્યોમાં ગહન ચિંતનનો યોગ. અચાનક ભાગ્યવૃદ્ધિ દ્વારા ધન લાભ પ્રાપ્તિનો યોગ. ગહન શોધના કાર્યોમાં સમય પસાર થશે. શત્રુથી લાભ પ્રાપ્તિનો યોગ. વિવાદિત નિર્ણય પક્ષમાં આવશે. કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ.

**કુંભ**-મનોરંજનમાં સમય પસાર થશે. કોઈ પણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. અધિકારી વર્ગનો સહયોગ મળશે. અટકેલા કાર્ય સમય પર પૂરા થશે. વ્યકતિગત કાર્યોમાં ઉન્નતિ થશે.

**મીન**-પુરુષાર્થનું પરિણામ તરત મળશે. સમયનો સદુપયોગ આકાંક્ષાઓની પૂર્તિ કરાવશે. પિતાથી વ્યાવસાયિક મુદ્દે ચર્ચા થઈ શકે છે. કુટુંબ-વેપારમાં મતભેદ, ભાગીદારી પર ગહન શોધનો યોગ. જીવનસાથી અને ભાગીદારીથી શુભ કાર્યોનો યોગ.

# સૂરત ખાતે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૪૭ શિક્ષકો તથા ૧૫૦ નિવૃત્ત કર્મચારીઓનું સન્માન

## ગુરુબ્રહ્મા શ્લોક સાથે કહ્યું, ગુરુઓ ભવિષ્યનું ઘડતર કરનાર સાચા અર્થમાં સમાજના ઘડવૈયા છે.: મેયરશ્રી માયાબેન માવાણી

## શિક્ષકનું સન્માન એટલે શિક્ષણ, સંસ્કાર અને સમાજના ભવિષ્યનું સન્માન : ચેરમેન શ્રી રાજેન્દ્ર કાપડિયા





**પ્રજા પંખ સૂરતઃ** ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન શિક્ષણવિદ્ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત દ્વારા શિક્ષક દિનની ભવ્ય, ગૌરવસભર અને ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. શ્રી ભારત રત્ન અટલબિહારી વાજપેયી ઓડિટોરિયમ હોલ, ડભોલી, સુરત ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં શિક્ષણ જગત સાથે સંકળાયેલા મહાનુભાવો, શિક્ષકશ્રીઓ તથા નિવૃત્ત કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં સુરત શહેરના મેયરશ્રી માયાબેન માવાણી, ડેપ્યુટી મેયરશ્રી સુધાકરભાઈ ચૌધરી, શાસક પક્ષના નેતાશ્રી અલ્પાબેન મહેતા, મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ તથા નગરસેવકશ્રીઓ ઉપસ્થિત રહી શિક્ષક સમાજનું ગૌરવ વધાર્યું હતું.

આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ કાપડિયા, ઉપાધ્યક્ષાશ્રીમતી રંજનાબેન ગોસ્વામી, ઈન્ચાર્જ શાસનાધિકારીશ્રી ધર્મેશભાઈ પટેલ, ઈન્ચાર્જ ઉપશાસનાધિકારીશ્રી ડો. નિમિષાબેન પટેલ, નિરીક્ષકશ્રીઓ, મુખ્ય શિક્ષકશ્રીઓ તેમજ શિક્ષકોના વિવિધ સંગઠનોના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં શિક્ષકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ ઈન્ચાર્જ શાસનાધિકારીશ્રી દ્વારા ઉપસ્થિત તમામ મહેમાનોનું આવકાર પ્રવચન દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વર...' થી મેયરશ્રીએ ગુરુ મહિમા સમજાવ્યો કાર્યક્રમને સંબોધતા સુરત શહેરના મેયરશ્રી માયાબેન માવાણીએ પોતાની વાણીની શરૂઆત ભારતીય સંસ્કૃતિમાં ગુરુના મહિમાને ઉજાગર કરતા પવિત્ર શ્લોક ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુદેવો મહેશ્વર, ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ થી કરી હતી. મેયરશ્રીએ જણાવ્યું હતું કે ગુરુનું સ્થાન ભારતીય સંસ્કૃતિમાં હંમેશાં સર્વોચ્ચ રહ્યું છે. શિક્ષક માત્ર પાઠ્યપુસ્તકનું જ્ઞાન આપનાર વ્યક્તિ નથી, પરંતુ વિદ્યાર્થીના જીવનને યોગ્ય દિશા આપનાર, સંસ્કાર અને મૂલ્યોનું સિંચન કરનાર તથા તેના ભવિષ્યનું ઘડતર કરનાર સાચા અર્થમાં સમાજના ઘડવૈયા છે. તેમણે ખાસ ભાર મૂક્યો હતો કે આજના આધુનિક અને ટેક્નોલોજીના યુગમાં શિક્ષકનું મહત્વ ઘટ્યું નથી, પરંતુ અનેકગણું વધ્યું છે. વિદ્યાર્થીઓને માહિતી અને જ્ઞાન મેળવવાના અનેક ડિજિટલ માધ્યમો ઉપલબ્ધ હોવા છતાં, સાચું-ખોટું સમજવાની વિવેકબુદ્ધિ, માનવીય મૂલ્યો, સંસ્કાર, શિસ્ત અને જવાબદારીની ભાવના કેળવવાનું કાર્ય શિક્ષક જ અસરકારક રીતે કરી શકે છે. મેયરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે બદલાતા સમયની સાથે શિક્ષકોએ પણ નવી ટેક્નોલોજી અને નવી શિક્ષણ પદ્ધતિઓને આત્મસાત્ કરીને વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવા જોઈએ. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો માનવીય સંબંધ, માર્ગદર્શન અને સંસ્કારનું સ્થાન કોઈ ટેક્નોલોજી લઈ શકતી નથી. સમાજ અને રાષ્ટ્રના ઉજ્જવળ



ભવિષ્ય માટે શિક્ષકોની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ત્યારબાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ કાપડિયાએ શિક્ષકોને લગતા તમામ પ્રશ્નોના નિરાકરણ માટે સમિતિ સતત પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું તેમણે આ વર્ષની નવી પહેલ સિગ્નલ સ્કૂલ'નો પણ ઉલ્લેખ કર્યો હતો. ઉપાધ્યક્ષાશ્રીમતી રંજનાબેન ગોસ્વામીએ શિક્ષકોની મહેનત અને નિષ્ઠાને બિરદાવતાં તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

શિક્ષક દિન નિમિત્તે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી, નિષ્ઠા, સમર્પણ અને નોંધપાત્ર યોગદાન આપનાર કુલ ૪૭ પ્રતિભાશાળી શિક્ષકશ્રીઓનું શાલ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત લાંબી, નિષ્ઠાપૂર્ણ અને સેવાભાવી કારકિર્દી પૂર્ણ કરી નિવૃત્ત થયેલા આશરે ૧૫૦ કર્મચારીગણ, જેમાં શિક્ષક, આચાર્ય, તેડાગર તથા ક્લાર્ક સહિતન કર્મચારીઓનો સમાવેશ થાય છે, તેમનું મોમેન્ટો અને શાલ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. તેમના વર્ષો સુધીના અમૂલ્ય સેવાકીય યોગદાનને ભાવપૂર્વક બિરદાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ શિક્ષકોને શિક્ષણ વ્યવસ્થાના પાયાના મજબૂત સ્તંભગણાવી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા સમાજના નિર્માણમાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને બિરદાવી હતી. શિક્ષકો માત્ર બાળકોને જ્ઞાન આપવાનું કાર્ય કરતા નથી, પરંતુ તેમના જીવનમાં સંસ્કાર, મૂલ્યો, શિસ્ત, કર્તવ્યનિષ્ઠા, માનવતા અને રાષ્ટ્રભાવનાનું સિંચન કરી આવતી પેઢીના ઘડવૈયા તરીકેની મહત્ત્વપૂર્ણ જવાબદારી નિભાવે છે.

સમગ્ર કાર્યક્રમનું સુચારુ આયોજન અને સંકલન નોડલ અધિકારી શ્રીમતી કીર્તિબેન બોરસેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુંહતું. સુંદર આયોજન, શિસ્તબદ્ધ વ્યવસ્થા અને ભાવસભર વાતાવરણ વચ્ચે યોજાયેલ શિક્ષક દિનની આ ઉજવણી શિક્ષક સમાજ માટે ગૌરવ, સન્માન અને પ્રેરણાનો યાદગાર અવસર બની રહી હતી. કાર્યક્રમના અંતે ડો. નિમિષાબેન પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત તમામ આમંત્રિત કર્મચારીગણને નાસ્તો આપવામાં આવ્યો હતો અને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત દ્વારા આયોજિત આ ભવ્ય શિક્ષક દિન સમારોહે શિક્ષક સમાજના અમૂલ્ય યોગદાનને નમન કરી તેમની સેવાભાવના, નિષ્ઠા અને પ્રતિબદ્ધતાને નવી ઊર્જા અને પ્રેરણા પૂરી પાડી હતી.

# સુરતમાં ૧૨ સપ્ટેમ્બરના રોજ લોક અદાલતનું આયોજન: ઝડપી, સરળ અને મફત ન્યાય મેળવવા અપીલ

**પ્રજાપંખ દ્વારા :** સુરત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટી (ન્યુ દિલ્હી) અને ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળના આદેશાનુસાર આગામી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ વિશેષ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ લોક અદાલતનો મુખ્ય હેતુ નાગરિકોને કોઈપણ વિલંબ કે ખર્ચ વગર ઝડપી અને નિઃશુલ્ક ન્યાય પૂરો પાડવાનો છે.



**લોક અદાલતમાં કયા કેસોનો ઉકેલ લાવવામાં આવશે?**

-નાગરિક અને કૌટુંબિક વિવાદો, વાહન અકસ્માત વળતર, બેંક લોન અને ચેક રિટર્ન કેસો, વીજળી બિલ સંબંધિત કેસો, -શ્રમિક વિવાદો

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળે તમામ નાગરિકોને પોતાના પેન્ડિંગ કેસોનું આપસી સમજૂતી દ્વારા નિવારણ લાવી સમય અને નાણાં બચાવવા અપીલ કરી છે.

**નોંધણી અને સંપર્કઃ** લોક અદાલતમાં કેસ રજૂ કરવા માટે આગોતરી નોંધણી કરાવી જરૂરી છે. વધુ વિગતો અને કેસ નોંધણી માટે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત ના કાર્યાલયનો સંપર્ક કરવો.

## ગોવિંદા આલા રે આલા

# સુરત શહેરની ભાગળ ખાતેની મુખ્ય મટકી ગણેશા ગ્રુપે ફોડી- ભાગળ ચાર રસ્તા રાજમાર્ગ, ખાતે હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી હતી














**પ્રજા પંખ સૂરતઃ** તા. ૦૫-૦૯-૨૦૨૬ શનિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે જન્માષ્ટમીના પર્વ નિમિત્તે માનનીય જલ શક્તિ મંત્રી ભારત સરકાર અને નવસારી લોકસભા સાંસદ શ્રી સી.આર. પાટીલ સાહેબ ની વિશેષ ઉપસ્થિતિમાં ભાગળ ચાર રસ્તા ખાતે મટકી ફોડવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, કાર્યક્રમ શરુ થાય તે પહેલા રાષ્ટ્રગીત ગાયને કાર્યક્રમ શરૂઆત થઇ હતી.

સુરત શહેરના ગણેશા ગ્રુપ ગોપીપુરા દ્વારા મુખ્ય મટકી ફોડવામાં આવી હતી, જેઓને રૂ. ૧૧૦૦૦ અને ટ્રોફી આપવામાં આવી હતી જેમાં સંયોજક તરીકે ક્રિષ્ણા ગ્રુપ અડાજણ જોડાયુ હતું, તથા ૫૦ વર્ષ જુના મંડળ માટેની વિશેષ મટકી ફોડવાનો લ્હાવો ધરતીમાતા સ્પોર્ટસ ક્લબ વેડરોડ ને મળ્યો હતો, તેઓએ મટકી ફોડી હતી. જેઓને રૂ.૧૧૦૦૦ અને ટ્રોફી આપવામાં આવી હતી, જયારે મહિલા મંડળ માટેની મટકી 'જય ભવાની મહિલા મંડળ' ખપાટીયા ટેકરા, અંબાજી રોડ, તથા 'આર. કે. સ્પોર્ટસ્ ક્લબ મહિલા મંડળ' રૂદરપુરા, દ્વારા ફોડવામાં આવીહતી. જેઓને ૧૧ - ૧૧ હજાર ઇનામ અને ટ્રોફી આપવામાં આવી હતી. શ્રી સી. આર. પાટીલ સાહેબના પૌત્ર કુ. રણવીર જીજ્ઞેશભાઈ પાટીલ તર્ફે ઉચ્ચામાં ઉચ્ચી મટકી બાંધવામાં આવી હતી જેમાં જય માતાજી ગ્રુપ, લાપસીવાળા અને જય ભવાની સ્પોર્ટ્સ ક્લબ દ્વારા પણ ૭ થર એટલે ૩૫ ફૂટની પિરામિડ મારવામાં આવી હતી, બંને મંડળો દ્વારા એકસરખી પિરામિડ મારવાથી બન્ને મંડળો વચ્ચે ટોસ કરાયું હતું જેમાં જય માતાજી ગ્રુપ, લાપસીવાળા ને ભાગળ ચાર રસ્તાની ઊંચામાં ઊંચી મટકી ફોડવાનો લ્હાવો મળ્યો હતો, જેઓને રૂા.૬૧,૦૦૦ રોકડ બક્ષિશ આપવામાં આવી હતી.આ વર્ષે ભાગળ ચાર રસ્તા ખાતે કુલ પાંચ (૫) મટકી બાંધવામાં આવી હતી. સુરત શહેરના અલગ - અલગ વિસ્તારમાંથી ગોવિંદા મંડળો ભાગળ ખાતે ઉપસ્થિત રહ્યા હતા,અને લાઠીદાવ, કરતબ, પિરામિડ કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. જેમાં જય ભવાની સ્પોર્ટ્સ ક્લબ ૭ થરની સલામી મારી હતી , ગોવિંદા ટાઇટન્સ ગ્રુપ ૫ થર માર્યા હતા, નોંધનીય છેકે આ મંડળમાં ફક્ત ૧૫ વર્ષના બાળકોજ સામેલ છે, શ્રી ખપાટિયા ટેકરા મિત્ર મંડળ ૬ થર માર્યા હતા, ટાઇગર ગ્રુપ (૫ થર) શ્રી રામ ભક્ત મિત્ર મંડળ (૪ થર), આર કે સ્પોર્ટ્સ ક્લ્બ સહિતના બીજા મંડળો મુખ્ય મટકીને સલામી આપવા આ મંડળો આવેલ હતા, તમામ મંડળોને સુરત શહેર ગોવિંદા ઉત્સવ સમિતિ એ સ્ટેજ પર બોલાવી ટ્રોફી આપી સમ્માનિત કરાયા હતા.

આ વર્ષે ગોવિંદા ઉત્સવ સમિતિ તરફથી ૧૪૫ મંડળોને પરમીટ આપવામાં આવી હતી જેઓ દ્વારા સુરતમાં ૮૦૦૦ જેટલી મટકી ફોડવામાં આવી હતી, કાર્યક્રમમાં જલ શક્તિ મંત્રી ભારત સરકાર અને નવસારી લોકસભા સાંસદ શ્રી સી. આર. પાટીલ સાહેબ, યુથ ફોર ગુજરાતના પ્રમુખ શ્રી જીગ્નેશ પાટીલ, ભાજપ માજી ઉપપ્રમુખ શ્રી છોટુભાઈ પાટીલ, ઉદ્યોગપતિ દિપક ઇજારદાર , સુરત શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ, લિંબાયતના ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, ધારાસભ્ય અરવિંદ રાણા, જખઈ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી રાજનભાઈ પટેલ, દક્ષેશ માવાણી, કિશોર બિંદલ, સુધારકરભાઈ ચૌધરી, અમિતસિંહ રાજપૂત, સોમનાથ મરાઠે,ડો.ઇકે પાટીલ, રવિન્દ્ર ખેરનાર, દુર્ગાપ્રસાદ પાંડે, દિપક આફ્રિકાવાલા, જય અશોક દુધાણે, દિપકભાઈ સપકાલે, રમેશભાઈ શિંદે, ગોવિંદા ઉત્સવ સમિતિના અગ્રણીઓ દિપકભાઈ કદમ, જયેશભાઈ જાદવ, પ્રકાશભાઈ મ્હાલુંગે , ચંદ્રકાંતભાઈ નીમબાલકર , સંતોષભાઈ ઉત્તેકર, પ્રદીપભાઈ મોરે, લક્ષ્મણભાઈ ડીગે, કમલાકર મોરે, ધર્મેશભાઈ કદમ, અશોકભાઈ દુધાણે, સંજયભાઈ દેવીલકર, સુરેશભાઈ મોર્યા, દિપકભાઈ શિંદે, મહેશભાઈ ગજ્જર, હર્ષ ગજ્જર, વિજયભાઈ નીકમ, રાજુભાઈ વાળંદ, રૂપેશ કોડાલકર, જયેશ ધનાવડે, ટીનુ તાન્દલેકર, રેશ્માબેન રાજીવડે, નલીનીબેન શેડગે, કામિનીબેન કદમ, આશાબેન પવાર, સંધ્યાબેન પવાર, મીનાક્ષીબેન કદમ, ધર્મિષ્ઠાબેન તાન્દલેકર, જયાબેન સાવંત, નયનાબેન સાલુંકે, પ્રેરણાબેન શિંદે, શીતલબેન કદમ, હેતલબેન ઝાંઝે, અમીબેન કૂડપાને, અનિતાબેન ગાયકવાડ, હિનાબેન માળી, ઉર્મિલાબેન કડુ, ગીતાબેન પવાર, સુષ્માબેન પવાર, તેજલબેન કદમ, હેતલબેન જાદવ, ભાવિકાબેન તાન્દલેકર તેમજ નિલેશભાઈ પરમાર અને ટીમ સહિતના મહાનુભવો અને પોલીસ સ્ટાફ સહિત હજારોની સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહ્યા હતા. સુરત શહેરની ઉત્સવપ્રિય જનતા તેમજ સુરત પોલીસનો સુરત શહેર ગોવિંદા ઉત્સવ સમિતિ દ્વારા વિશેષ આભાર માન્યો હતો. યુથ ફોર ગુજરાત ના જીગ્નેશભાઈ પાટીલ પ્રમુખ દ્વારા નવાગામ ડીંડોલીમાં જય માતાજી ગોવિંદા મંડળ દ્વારા મટકી ફોડી ૧,૫૧,૦૦૦ નુંઇનામ મળેલ હતું, મોરાભાગળ ખાતે કુણાલભાઈ સેલર હસ્તક મટકી સિદ્ધિ સ્પોર્ટ ક્લબ અડાજણ દ્વારા ફોડવામાં આવી હતી તેઓને રૂ.૧,૨૫,૦૦૦ નો ઇનામ આપવામાં આવેલ હતો તે જ રીતે ગેલેક્સી સર્કલ ખાતે અવિભાઈ પટેલ દ્વારા ૫૧,૦૦૦ ઇનામ ની મટકી ચાચાઈ ગોવિંદા મંડળ વેડ રોડ દ્વારા ફોડવામાં આવી હતી.

# કેન્દ્રીયમંત્રી માંડવિયા અને સંઘવીની આગેવાનીમાં ફિટ ઇન્ડિયા સાયકલ રેલી

## સુરતમાં નશામુક્ત વિકસિત ભારતના સંકલ્પ સાથે ઉમટ્યું જનસૈલાબ



સુરત- સુરતમાં સ્વાસ્થ્ય અને ફિટનેસ પ્રત્યે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે ફિટ ઇન્ડિયા અભિયાન અંતર્ગત સંડેઝ ઓન સાયકલ કાર્યક્રમનું ભવ્ય આયોજન કર્યું હતું. રવિવાર (૬ ઓગસ્ટ) ની વહેલી સવારે વરાછા સ્થિત ઐતિહાસિક માનગઢ ચોક ખાતેથી આ સાયકલ રેલીનો ઉત્સાહભેર પ્રારંભ થયો હતો, જેમાં હજારોની સંખ્યામાં સુરતીઓ જોડાયા હતા.

આ સાયકલ રેલીને કેન્દ્રીય રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને સુરતના મેયર દ્વારા લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ નાગરિકોને પોતાના દૈનિક જીવનમાં સાયકલિંગ અને શારીરિક વ્યાયામ અપનાવીને તંદુરસ્ત રહેવા પ્રેરણા આપી હતી.

માનગઢ ચોકથી શરૂ થયેલી આ સાયકલ રેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને સરથાણા જકાતનાકા ખાતે આવેલા નેચર પાર્ક (પ્રાણીસંગ્રહાલય) પહોંચી સંપન્ન થઈ હતી. નાના બાળકોથી માંડીને વડીલો સુધીના મોટી સંખ્યામાં નગરજનોએ સાયકલ ચલાવી ફિટ સુરત, હિટ સુરતના નારા સાથે સમગ્ર વાતાવરણને ઉત્સાહમય બનાવી દીધું હતું.

આ સાયકલ રેલીની ખાસ થીમ શિક્ષક દિન અને નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત અભિયાન રાખવામાં આવી હતી. દેશના વિકાસમાં યુવા પેઢીની ભૂમિકા અત્યંત મહત્વની છે, ત્યારે યુવાનો નશાની બદીથી દૂર રહીને તંદુરસ્ત જીવનશૈલી અપનાવે અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપે તેવો સ્પષ્ટ સંદેશ આ કાર્યક્રમ દ્વારા આપવામાં આવ્યો હતો.

પ્રજા પંખ
સત્યમેવ જયતે

પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત

આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

ખાસ ચેતવણી :

લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝ્ડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યક્તિ આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....

Praja Pankh
prajapankh
YouTube prajapankh
99980 61470, 93747 20143
@prajapankh
prajapankh@gmail.com



સંપર્ક

મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦
પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩

DATE-08/09/2026 TUESDAY

**PRAJA PANKH**
**(GUJARATI WEEKLY-SURAT)**

પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત



# શિક્ષક દિને સચિનની હૈદરગંજ પ્રાથમિક શાળાનું ગૌરવ વધ્યું - ઉપશિક્ષિકા પુષ્પાબેન કાંતિલાલ પંડ્યાને શ્રેષ્ઠ શિક્ષક સન્માન

## બાળકો સાથેની ઉત્કૃષ્ટ કામગીરીની થઈ પ્રશંસા

## સતશ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા સચિન વિભાગના શિક્ષકોનું સન્માન કરાયું







**પ્રજા પંખ સચિન,** ૫ સપ્ટેમ્બર ૨૦૨૬: સુરત મહાનગર પાલિકાના સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં આજે ૫ સપ્ટેમ્બર, શિક્ષક દિનનીગૌરવ પૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સચિનની હૈદરગંજ પ્રાથમિક શાળાનુંગૌરવ વધારતી સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. હૈદરગંજ પ્રાથમિક શાળાના ઉપશિક્ષિકા શ્રીમતી પુષ્પાબેન કાંતિલાલ પંડ્યાની સચિન કેન્દ્રની ૧૦ શાળાઓમાંથી તેમની ઉત્કૃષ્ટ શૈક્ષણિક કામગીરી બદલ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

પુષ્પાબેન પંડ્યાએ વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસની સાથે તેમના સર્વાંગી વિકાસ માટે પણ સતત પ્રયત્નો કર્યા છે. બાળકો સાથે આત્મીયતાથી જોડાઈ તેમની ક્ષમતા અને રસને ઓળખી શિક્ષણને વધુ સરળ, રસપ્રદ અને જીવનલક્ષી બનાવવાની તેમની કાર્યશૈલીને કારણે વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે રુચિ અને આત્મવિશ્વાસ વધ્યો છે. શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તક પૂરતું મર્યાદિત ન રહે, પરંતુ બાળકના વ્યક્તિત્વ અને સંસ્કાર ઘડતરમાં પણ ઉપયોગી બને તે દિશામાં તેમણે કરેલી કામગીરીની વિશેષ નોધ લેવાઈ છે. આ સન્માન બદલ હૈદરગંજ પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી નરેશ ભટ્ટે આનંદ અને ગર્વની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, પુષ્પાબેન પંડયાનું શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન થવું એ માત્ર તેમનું વ્યક્તિગત ગૌરવ નથી, પરંતુ સમગ્ર હૈદરગંજ પ્રાથમિક શાળા પરિવાર અને સચિન કેન્દ્ર માટે ગૌરવની બાબત છે. બાળકો પ્રત્યેની તેમની લાગણી, શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા અને સતત મહેનત અન્ય શિક્ષકો માટે પણ પ્રેરણારૂપ છે.

સાથે આજે વિશેષ સતશ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા સચિન વિભાગના શિક્ષકોનું સન્માન કરાયું...શિક્ષક દિન નિમિત્તે સતશ્રી સ્વામિનારાયણ મંદિર, પારડી-કણડે દ્વારા પણ સચીન વિભાગની શાળાઓ સહિત હૈદરગંજ પ્રાથમિક શાળાના શિક્ષકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષકો સમાજ અને રાષ્ટ્રના ઘડવૈયા છે તેવી ભાવના સાથે શિક્ષકો પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. મંદિર દ્વારા કરવામાં આવેલા આ સન્માન બદલ હૈદરગંજ પ્રાથમિક શાળા પરિવાર દ્વારા સતશ્રી સ્વામિનારાયણ મંદિરનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. શાળા પરિવારે જણાવ્યું હતું કે શિક્ષકોની મહેનત અને સેવાઓને સમાજ દ્વારા મળતું આવું સન્માન શિક્ષકોનો ઉત્સાહ વધારવાની સાથે નવી પેઢીના ઘડતરમાં પણ પ્રેરણારૂપ બને છે. ૫ સપ્ટેમ્બરના રોજ દેશભરમાં ઉજવાતા શિક્ષક દિન નિમિત્તે સુરત પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા પણ વિવિધ શાળાઓમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા શિક્ષકોનું સન્માન, નિવૃત્ત થનારા શિક્ષકો અને આચાર્યોની સેવાઓને બિરદાવવી તેમજ વિદ્યાર્થીઓને 'એક દિવસીય શિક્ષક' તરીકે શિક્ષણ કાર્યનો અનુભવ કરાવવો જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. વિવિધ શાળાઓમાં ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન અને શિક્ષણવિચારોથી પ્રેરિત વક્તત્વ, નિબંધ અને ચિત્ર સ્પર્ધાઓ તેમજ ગુરુવંદના કાર્યક્રમો દ્વારા શિક્ષકો પ્રત્યે આદર વ્યક્ત કરવામાં આવ્યો હતો. હૈદરગંજ પ્રાથમિક શાળાના પુષ્પાબેન પંડ્યાને મળેલું 'શ્રેષ્ઠ શિક્ષક'નું સન્માન શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા, બાળકો પ્રત્યેની આત્મીયતા અને સેવાભાવી શિક્ષણની ભાવનાનું ગૌરવપૂર્ણ સન્માન છે એવું આચાર્ય નરેશ ભટ્ટે જણાવ્યું..

# સુરત હોમગાર્ડઝના NCO'S રેન્ક ધારણ સમારોહનું ગૌરવપૂર્ણ આયોજન

**C-ઝોન અને સચિન યુનિટના પરીક્ષા પાસ કરનાર હોમગાર્ડઝને નવી જવાબદારી સાથે રેન્ક ધારણ કરાવવામાં આવી જિલ્લા કમાન્ડન્ટ ડો. પ્રફુલભાઈ વી. શિરોયાની અધ્યક્ષતામાં સમારોહ યોજાયો**



**પ્રજા પંખ સૂરત:** સુરત શહેર હોમગાર્ડઝ દળના હોમગાર્ડ સભ્યો અને એન. સી. ઓઝ એ પરીક્ષા પાસ કરી જે ઉપલક્ષ માં આજે સી ઝોન અને સચિન હોમગાર્ડઝ યુનિટ ના સભ્યોનું આજ રોજ ડો. પ્રફુલભાઈ. વી. શિરોયા સાહેબશ્રી જિલ્લા કમાન્ડન્ટ, સુરત શહેરની અધ્યક્ષતામાં NCO'S રેન્ક ધારણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ગૌરવપૂર્ણ પ્રસંગે સબ-ઇન્સ્પેક્ટર ઇન્સ્ટ્રક્ટર શ્રી જયદીપ કાતરિયા, જિલ્લા કચેરી સ્ટાફ, સુરત; શ્રી થોમસ એમ. પઠારે, ઓફિસર કમાન્ડિંગ, સચિન યુનિટ, ડિવિઝનલ કમાન્ડર તથા ઓફિસર કમાન્ડિંગ ઈ-ઝોન, સુરત શહેર; શ્રી ગિરીશ એચ. પટેલ, કંપની કમાન્ડર; તથા એસ. પી. સી. શ્રી વી.ટી. મહાજન, એસ. પી. સી. શ્રી આર.એસ. વાઘ, પી. સી. શ્રી અરુણ તિવારી સી ઝોન તથા પી. સી. શ્રી પ્રકાશકુમાર મૌર્ય સચિન યુનિટ તેમજ અન્ય અધિકારીઓ અને NCO'S શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહ દરમિયાન ઉપસ્થિત અધિકારીશ્રીઓના હસ્તે આસિસ્ટન્ટ સેક્શન લીડર રેન્ક સેક્શન લીડર રેન્ક, પ્લાટૂન સર્જન્ટ રેન્ક, કંપની સર્જન્ટ મેજર રેન્ક ધારણ કરાવવામાં આવી હતી. આ ગૌરવપૂર્ણ પ્રસંગે શ્રી ડો પ્રફુલભાઈ શીરોયા જિલ્લા કમાન્ડન્ટ સાહેબ અને અધિકારીશ્રીઓ દ્વારા સહુ NCO'S ને નવી જવાબદારી બદલ હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી નવી જવાબદારી સાથે હોમગાર્ડ દળની શિસ્ત, નિષ્ઠા, કર્તવ્યપરાયણતા અને નિષ્કામ જનસેવાના ધ્યેયને વધુ મજબૂત બનાવવાની પ્રેરણા આપવામાં આવી હતી.

આ પ્રસંગે હોમગાર્ડ દળ દ્વારા જનસેવા, સુરક્ષા અને સહયોગની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# રાંદેર-અડાજણ-જહાંગીરપુરા-પાલના TOP-૧૦ શ્રી ગણેશ આયોજકોનું ભવ્ય સન્માન

**શ્રી ગણેશ ઉત્સવ સમિતિ-સુરત શહેર પરિવાર દ્વારા આયોજિત સન્માન સમારોહમાં ઉપાધ્યક્ષશ્રી પૂર્ણેશભાઈ મોદી સહિત મહાનુભાવો અને ગણેશ આયોજકોની ઉપસ્થિતિ**







**પ્રજા પંખ સુરત :** શ્રી ગણેશ ઉત્સવ સમિતિ-સુરત શહેર પરિવાર દ્વારા આયોજીત રાંદેર, અડાજણ, જહાંગીરપુરા અને પાલ પોલીસ સ્ટેશન વિસ્તારનાં TOP-૧૦ શ્રી ગણેશ આયોજકોનું સન્માન સમારોહ રામનગર સ્થિત સીંધી સમાજની વાડી ખાતે રાખવામાં આવ્યો હતો.

આ સમારોહ ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી એવા ૧૬૭-સુરત પશ્ચિમ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદીજી, શ્રી ગણેશ ઉત્સવ સમિતિ-સુરત શહેરના પ્રમુખશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, નાયબ પોલીસ કમિશનરશ્રી લખવીન્દ્રસિંહ ઝાલાજી, મદદનીશ પોલીસ કમિશનરશ્રી મિલનભાઈ મોદીજી, રાંદેર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી તુષારભાઈ પંડ્યા, સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટરો શ્રી પરિમલભાઈ ચાસીયા, શ્રીમતી હીનાબેન ટાંક અને શ્રીમતી મીનાક્ષીબેન પૈપૈયા, સમિતિના સંગઠન મંત્રીશ્રી પિક્નેશભાઈ જરીવાળા, પોલીસ સ્ટેશન વિસ્તારના સંયોજકો શ્રી વિનયભાઈ અડાજણીયા, ધ્રુવિતભાઈ દેસાઈ અને નરેન્દ્રભાઈ ચૌધરી, સહિત સમિતિના હોદ્દેદારશ્રીઓ, સહસંયોજકશ્રીઓ, કાર્યકર્તાશ્રીઓ સહિત શ્રી ગણેશ આયોજક મિત્રોશ્રીઓ હાજર રહ્યાં હતા.

# સોસાયટી સાથે જોડાતો મુખ્ય રોડ બન્યો કચરાનો સ્પોટઃ લિંબાયત

## ગંદકી અને દુર્ગંધથી રહીશો અને રાહદારીઓ પરેશાન, પ્રશાસન દ્વારા યોગ્ય અને કાયમી ઉકેલ કરવા સ્થાનિકો ની માંગ




**પ્રજા પંખ, સૂરત- :** સુરત શહેરના લિંબાયત વિસ્તારમાં ગોવિંદનગર, ભાવના નગર, ઇચ્છાબા સોસાયટી સમેત ની સોસાયટી સાથે જોડતો અતિવ્યસ્ત રોડ પર કચરો નાખવામાં આવતાં સમગ્ર વિસ્તાર કચરાના સ્પોટમાં ફેરવાઈ ગયો છે. રોડની આસપાસ કચરાના ઢગલા જોવા મળતા સ્થાનિક રહીશો તેમજ રાહદારીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

કચરાના ઢગલાના કારણે દુર્ગંધ ફેલાઈ રહી છે તેમજ મચ્છર અને રખડતા પશુઓનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. જેના કારણે સ્થાનિક લોકોના આરોગ્ય સામે પણ જોખમ ઊભું થયું છે. રહીશોનું કહેવું છે કે, આ માર્ગ સોસાયટી સાથે જોડાતો મુખ્ય રસ્તો હોવાથી અહીંથી દરરોજ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહે છે. તેમ છતાં કચરાના નિકાલ અને નિયમિત સફાઈ અંગે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવતી નથી. સ્થાનિકોની અમે ત્યાંથી પસાર થતાં રાહદારીઓની માંગ છે કે પ્રશાસન તંત્ર દ્વારા નિયમિત સફાઈ તેમજ રોડ પર કચરો ન નાખે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં કરવામાં આવે.

**જો તંત્ર દ્વારા વહેલી તકે કાર્યવાહી કરવામાં નહી આવે તો આગામી દિવસોમાં વિસ્તારમાં સમસ્યા વધુ ગંભીર બનવાની શક્યતા છે.**

# ગણેશોત્સવ પહેલાં સુરતના ફૂલ બજારમાં ૧૫% સુધીનો ભાવ વધારો

**મોગરો રિટેલમાં ૫૦૦ ને પાર, ગુલાબના ભાવ બમણા; વરસાદી સ્થિતિ નબળી રહેતાં આવક ઘટી**



સુરત- સુરતમાં ગણેશોત્સવના પાવન પર્વના આગમન સાથે જ ફૂલોની માગમાં અચાનક ભારે ઉછાળો જોવા મળ્યો છે. બીજી તરફ, ઉત્પાદક વિસ્તારોમાં પ્રતિકૂળ હવામાનને કારણે આ વર્ષે ફૂલોની નવી આવકમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આવક ઘટવાને લીધે સીધી અસર બજાર ભાવ પર પડી છે. ગયા વર્ષની સરખામણીએ હાલમાં તમામ પ્રકારના ફૂલોના ભાવમાં આશરે ૧૦થી ૧૫% જેટલો વધારો થયો છે, જેના કારણે ગણેશભક્તો અને આયોજકોના બજેટ પર સીધી અસર પડી રહી છે.

હાલના બજાર ભાવ પર નજર કરીએ તો હોલસેલમાં રૂ.૧૫૦ થી ૧૮૦ પ્રતિ કિલો વેચાતો ગલગોટો છૂટક બજારમાં રૂ.૨૫૦ થી ૩૮૦ સુધી બોલાઈ રહ્યો છે. દેશી ગુલાબનો હોલસેલ ભાવ રૂ.૨૫૦ થી ૨૯૦ સામે રિટેલમાં રૂ.૩૫૦ થી ૪૦૦ છે, જ્યારે સેવંતી રૂ.૧૨૦-૧૬૦ સામે રૂ. ૨૨૦-૨૮૦ સુધી વેચાઈ રહી છે. સૌથી મોટો ઉછાળો મોગરામાં જોવા મળ્યો છે; હોલસેલમાં રૂ.૨૦૦ થી ૨૫૦ પ્રતિ કિલો મળતો મોગરો છૂટક બજારમાં રૂ.૪૦૦ થી ૫૦૦ સુધી પહોંચી ગયો છે, કારણ કે ધાર્મિક પૂજા ઉપરાંત વેણી-ગજરાની માગ પણ વધુ રહે છે.

સુરતના અશ્વિનીકુમાર રોડ સ્થિત મુખ્ય ફૂલ માર્કેટમાં તહેવારોને કારણે વહેલી સવારથી જ જથ્થાબંધ વેપારીઓ અને છૂટક ખરીદદારોની ભારે અવરજવર જોવા મળી રહી છે. ફૂલ માર્કેટના અગ્રણી હોલસેલ વેપારી મેહુલભાઈ ટોપીવાલાના જણાવ્યા અનુસાર, સુરતના હોલસેલ બજારમાં મોટાભાગના ફૂલોનો જથ્થો પડોશી રાજ્ય મહારાષ્ટ્ર તેમજ મધ્યપ્રદેશના રતલામ સહિતના વિસ્તારોમાંથી ટ્રકો મારફતે આવે છે.

# ખેતમજૂર પરિવારે દુઃખની ઘડીમાં પણ માનવતા મહેકાવી

## શ્રાવણના સોમવારે સુરત નવી સિવિલમાં અંગદાનની ઐતિહાસિક સદી, 3 લોકોને નવજીવન; આરોગ્ય મંત્રીએ પરિવારને સાંત્વના પાઠવી



સુરત-સુરતની નવી સિવિલ હોસ્પિટલે અંગદાન ક્ષેત્રે એક અનોખી અને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. શ્રાવણ મહિનાના સોમવારે હોસ્પિટલ ખાતે ૧૦૦ મું કેડેવર અંગદાન સફળતાપૂર્વક સંપન્ન થયું છે.

નવસારી જિલ્લાના અંબાડા ગામના વતની અને ખેતમજૂરી કરતા ૫૬ વર્ષીય ભલાભાઈ છગનભાઈ હળપતિના પરિવારે સ્વજન ગુમાવવાના આઘાત વચ્ચે પણ સંવેદનશીલ નિર્ણય લઈ માનવતાની ઉત્તમ મિસાલ કાયમ કરી છે. તેમના અંગદાન થકી ૨ કિડની અને ૧ લિવર જરૂરિયાતમંદ દર્દીઓને પ્રત્યારોપણ કરી ત્રણ વ્યક્તિઓને નવજીવન બક્ષવામાં આવ્યું છે. આ ઐતિહાસિક ક્ષણે રાજયના આરોગ્ય રાજયમંત્રી પ્રફુલ પાનશેરીયાએ સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ પરિવારજનોને મળી સાંત્વના પાઠવી હતી.

હોસ્પિટલ ખાતે આયોજિત સ્વ. ભલાભાઈની પ્રાર્થના સભામાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ સ્વર્ગસ્થના પત્ની લલિતાબેન, પુત્રીઓ સોનલબેન તથા રેખાબેન અને પુત્ર ઉત્તમભાઈ સાથે રૂબરૂ મુલાકાત કરીને સાંત્વના આપી હતી. આ દુઃખદ ઘડીમાં ખેતમજૂર પરિવારે દાખવેલી ઉદારતાને બિરદાવતા મંત્રીએ જણાવ્યું હતું કે, અંગદાન એ જીવન પછી પણ જીવન આપવાની સર્વોચ્ચ ભાવના છે.

## સુરતની સ્મીમેર હોસ્પિટલના તબીબોની કુશળતા

# ગર્ભાશય ચોટી ગયું હોવા છતાં અગાઉ સિઝેરિયન ધરાવતી સગર્ભાની સફળ નોર્મલ ડિલિવરી, માતા-પુત્ર સ્વસ્થ



સુરત- સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલના ગાયનેકોલોજી વિભાગના તબીબોએ સચોટ નિદાન અને શ્રેષ્ઠ દેખરેખ થકી એક જટિલ કેસમાં સફળ નોર્મલ ડિલિવરી કરાવી દાખલો બેસાડ્યો છે.

ભૂતકાળમાં સિઝેરિયન થયું હોય તેમજ ગર્ભનાળ ગર્ભાશયની દીવાલ સાથે ચોટી જવાની ગંભીર આશંકા વચ્ચે પણ ૨૨ વર્ષીય સગર્ભા મહિલાએ સામાન્ય પ્રસૂતિથી સ્વસ્થ પુત્રને જન્મ આપ્યો છે.

OWNER , PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230